# ટપુંક

શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનું માસિક મુખ પત્ર

વર્ષ : ૧૧

અંક : ૧


## ચાણકયનીતિ

જે વ્યકિતના ઘરમાં આનંદમંગળનુ વાતાવરણ પ્રવર્તતુ હોય, સંતાનો બુધ્ધિશાળી હોય, પત્નિ પ્રિયભાષિની હોય, પોતે ઉદ્યમી હોય, નીતિથી કમાયેલુ ધન હોય, ઉતમ મિત્રો હોય, જેને પોતાની પત્નિ પ્રત્યે આદર હોય, જેના નોકર ચાકર આજ્ઞાંકિત હોય, જેના કુટુંબમા અતિથીને આદર અપાય, ઈશ્વરની ઉપાસના થાય, ઘરમા દરરોજ સ્વાદિષ્ટ ભોજન બને, પીવા માટે મીઠા શુધ્ધ પાણીની વ્યવસ્થા હોય અને જે વ્યકિતને હંમેશા સજજન વ્યકિતની સંગતી કરવાની તક મળે છે. તે સુખી છે.

સુખી થવા માટે ચાણકયે જે ચીજોની આવશ્યકતા બતાવી છે, તેમા ધનથી ખરીદી શકાય તેવી ભાગ્યે જ કોઈ ચીજો છે. સંસારના સુખોની પ્રાપ્તિ માટે મર્યાદિત ધનની જરૂર પડે છે. જે નીતિથી કમાઈ શકાય છે.

સજજન વ્યકિતની સોબત કરવા સજજનતા કેળવવી પડે. વિદ્વાન સાથે સરળતાથી, દુર્જન સાથે કડકાઈથી, શકિતશાળી સાથે ખુમારીથી તેમજ માતાપિતા અને ગુરુ સાથે સહનશીલ થઈ વર્તવુ.

– ચાણકય

**માહિતી અધિકાર હેલ્પલાઈન ૯૯૨૪૦૮૫૦૦૦**

### માસ દરમ્યાનની પ્રવૃતિઓ

| | | |
|---|---|---|
| ૨ | ટીમ મીટીંગ | ખાંભા |
| ૮ | કોર ગૃપ મીટીંગ | અમરેલી |
| ૧૨ | યુવા ઈવેન્ટ | ખાંભા |
| ૧૬ | એનજીઓ મીટીંગમાં હાજરી | બગસરા |
| ૧૭ | વર્ષાવીમો–ખેડુતોસાથે મીટીંગ | અમદાવાદ |
| ૧૮ | રીસાયકલ પેપર ટ્રેનીંગ | અમરેલી |
| ૧૯ | જેન્ડર ગોષ્ઠી રાસેયો કેમ્પ | ગોખરવાળા |
| ૨૪ | તાલુકા કક્ષા તકેદારી મીટીંગ | ખાંભા |

### Important Days of February 09

| | |
|---|---|
| 2 | World Wetlands Day |
| 14 | St. Valentine's Day |
| 21 | Matrubhasha Divas |
| | Cancer Day |
| 23 | Maha Shivaratri |
| 28 | National Science Day |

**કલ્પના માણસને ભટકતો માનવી બનાવી દે છે.**

## નાગરિકતા

આપણે સૌ સ્વૈચ્છિક રીતે કામ કરતા કરતા વિવિધ સમુહ સાથે રહીને છેલ્લા વર્ષોમાં વિકાસલક્ષી કાર્યને લઈ ગરીબી નિવારણની બાબતોથી અધિકાર પ્રાપ્તીના અભિગમ તરફ ગયા. જયાં સુધી પાયાની સેવાઓ પુરી પાડનાર સંસ્થાઓ અને વિભાગો લોકોને જવાબદાર ન બને ત્યાં સુધી આવી સેવાઓ અસરકારક બનતી નથી તેમ સમજાયુ.

આ સેવાઓ અને તેના અમલીકરણથી આપણે વાકેફ છીએ પરંતુ તેમા ચાલતી ગેરરીતીઓ તથા ક્ષતિઓને આપણે જોતા હોવા છતા એવુ માનીએ છીએ કે તેમા આપણે શું કરીએ તે તો ચાલ્યા કરે અથવા આપણે આપણી ભૂમિકા તેમા નથી તેમ સમજીએ છીએ.

આમ, સેવાઓ યોગ્યરીતે અને યોગ્ય જગ્યાએ પહોંચતી નથી. જે તે સેવાઓનો હેતુ માર્યો જાય છે. તેની પાછળ થનાર ખર્ચ એ રાષ્ટ્રિય સંપતિના નાશ બરાબર છે. જે બાબતથી પણ આપણે વાકેફ છીએ.

જેથી ગ્રામ સભામાં નિર્ણય પ્રક્રિયામાં લોકો ભાગીદાર બને, પાયાની સેવાઓની સહભાગી દેખરેખ થાય તે મહત્વની બાબત બની રહે છે. સ્થાનિક સ્વશાસનની સંસ્થાઓમાં સમતાપુર્ણ વિકાસલક્ષી યોજનાઓનુ અમલીકરણ માટે ક્ષમતાવર્ધન, સહભાગી આયોજન અને સામાજીક ઓડીટ સુસાધ્ય કરવા જેવી બાબતો સાથે ચુંટાયેલ મહિલા પ્રતિનિધિઓ, સામાજીક ન્યાય સમિતી અને નાગરિક સંગઠનોને સામુહિક કાર્ય માટે સહયોગ મળે તે માટે નાગરિક આગેવાનો દ્વારા તેની દેખરેખ થાય તેમ કરવાનો પ્રયાસ 'ઉન્નતિ' સંસ્થા ગુજરાત તથા રાજસ્થાનમા કરી રહી છે.

સામાજિક જવાબદેહીના ફ્રેમવર્કની કામગીરીમાં સાઝી સમજ ઉભી થાય તે હેતુસર સ્વૈચ્છિક સંસ્થાઓની સાથે મળી કામગીરી કરવાનુ તેમનુ આયોજન છે જેમા સ્થાનિક સ્તરે નાગરિક આગેવાનો દ્વારા કામગીરી કરવામા આવશે અને સ્થાનિક સંસ્થા આ આગેવાનો યોગ્ય રીતે કામગીરી કરી શકે તે માટે મદદરૂપ થશે.

આ પ્રયત્નોનો હેતુ માત્ર પાયાની સેવાઓની વિતરણ વ્યવસ્થા સુધરે અને ભ્રષ્ટાચાર ઓછો થાય એટલો જ નથી પરંતુ નાગરિકો નિર્ણય પ્રક્રિયામા ભાગીદાર થાય તે પણ છે.

તા. ૪ થી ૭ ફેબ્રુઆરી, ૨૦૦૯ દરમ્યાન ઉપરોકત બાબતોને લઈ 'નાગરિકતા અને સામાજીક ઉતરદાયિત્વ' વિષય પર અંબાજી ખાતે 'ઉન્નતિ' દ્વારા એક તાલીમ યોજાયેલ છે.

***જે માણસ પાસે બુધ્ધિ અને સુખ છે તે દુનિયાનો સૌથી ધનવાન છે.***

## ગણતંત્ર દિવસ

૬૦ મો ગણતંત્ર દિવસની પુરા રાષ્ટ્રમાં ઉજવણી થઈ અમરેલીમા જીલ્લા કક્ષાનો આ ઉત્સવ સંસ્થાના કાર્યક્ષેત્ર ખાંભા મુકામે યોજાયો. આજના આ શુભ દિને બંધારણમા નિર્દિષ્ટ બાબતોના અમલ માટે તંત્રને શુભકામનાઓ પાઠવીએ અને આ ગણતંત્રમાં વસવાટ કરતા તમામ ભારતીયો બંધારણમાં દર્શાવેલ આપણા હક્ક અને ફરજોથી વાકેફ થાય તેમજ બંધારણના અમલના આગ્રહી બને તેવી અપેક્ષા.

## લોક જાગૃતિ અભિયાન

''આપણો અધિકાર આપણી જવાબદારી - સ્વચ્છતા અને સુખાકારી અંગેનું લોક આંદોલન'' આ નામે માર્ચ ૨૦૦૯ દરમ્યાન પ્રવાહ સાથે જોડાયેલ સંગઠનોએ લોકો દ્વારા એક અભિયાનનુ આયોજન કરેલ છે. જેમા સ્વચ્છતા અંગે પરાવલંબન દુર કરવા સંબંધી થયેલા સફળ પ્રયોગોની બાબતોથી લોકોમા સમજ ઉભી કરવાનો પ્રયાસ હશે.

## વર્ષાવીમો

ગત ચોમાસા દરમ્યાનથી શરૂ થયેલી વર્ષા વીમાની કામગીરીની સમીક્ષા માટે એગ્રીકલ્ચર ઈન્શ્યોરન્સ કંપની તથા સજજતા સંઘની સાથી સંસ્થાઓની બેઠક ખેડૂતો સાથે મળી હતી તેમાં પડેલી મુશ્કેલીઓ અને તેના નિવારણ અંગે ચર્ચા કરવામા આવી. આગામી ચોમાસા દરમ્યાન ખેતી પરના વરસાદ આધારિત જોખમો સામે ખેડૂતોને રક્ષણ મળી રહે તે બાબતો પર જરૂરી નિર્ણયો થયા.

## તકેદારી સમિતી

સ્ત્રીઓ સામે થતી હિંસા અટકાયતના કાર્ય માટે ખાંભા તાલુકાના ૫ ગામોમાં રચાયેલ તકેદારી સમિતીના સભ્યોની તાલુકા સ્તરની એક મીટીંગ ખાંભા મુકામે તા. ૨૪ના રોજ મળી.



આ મીટીંગમા તકેદારી સમિતીઓના આ મોડેલ કેટલા કારગત નીવડશે તે અંગે વિચાર મંથન બાદ આ સમિતીઓના સંચાલન અને તેની પ્રક્રિયાઓ ચકાસવામાં આવી.

તકેદારી સમિતીની ભૂમિકા, કરવાની થતી કામગીરી તેમજ મીટીંગ સંચાલનની બાબતો નકકી કરવામાં આવી. ન્યાય સમિતીના કાર્યોને મદદરૂપ થવા અંગે સમજુતી થઈ.

## યુવા દિન

તા ૧૨/૧/૦૯ (રાષ્ટ્રિય યુવા દિન–સ્વામી વિવેકાનંદની જન્મ જયંતી) ના રોજ ખાંભા મુકામે તાલુકા સ્તરની યુવા ઈવેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતુ. જેમાં ૧૧૬ યુવાનો જોડાયા. સૌ પ્રથમ સંસ્થાનો પવૃતિ પરિચય કરવામાં આવ્યો. ચોકલેટ–બોલની રમત દ્વારા યુવક યુવતીઓએ તક ઝડપવા સંબધી બાબતો શીખી હતી. આ રમત રમનારાઓ તથા જોનારાઓનાં પ્રતિભાવો મેળવ્યા જેમાં છોકરા કરતાં છોકરીઓને વધારે અન્યાય થતો હતો. રમત દ્વારા સ્ત્રી પુરૂષમાં રહેલ અસમાનતા જોવા મળી.



૧૫–૧૫ યુવાનોનાં ૬ ગૃપ થયા જેમાં તેઓએ નીચે મુજબના મુદાઓ પર ચર્ચા કરી.

**૧)** એક જાગૃત યુવાન તરીકે બહેનોને કઈ રીતે મદદરૂપ થઈ શકુ.

**૨)** ગામના વિકાસ માટે યુવાનો શું કરી શકે.

**૩)** સ્ત્રી–પુરૂષ સમાનતા માટે કુટુંબ, સમાજ, સરકારમાં તમારૂ યોગદાન.

**૪)** ગામમાં રચાયેલ અથવા રચાનારી તકેદારી સમિતિ વિશે તમારા મંતવ્યો.

**૫)** તાલુકા લેવલ સંગઠન બનાવવા રણનીતિ

**૬)** સ્ત્રી હિંસા પ્રત્યે પંચાયતની ભુમિકા

ઉપરોકત જુથના આગેવાનોએ પોતે ગૃપમાં કરેલ ચર્ચાની રજુઆત મોટા સમુહમાં કરી. ખુટતી બાબતો જોડી દરેક મુદા ઉપર સમજની સ્પષ્ટતા અશોકભાઈ, વિજયાબેન, રંજનબેન તથા ન્યાય સમિતીના સભ્યોએ કરી.



મામલતદારશ્રી ઈલાબેન ચૌહાણે ઈવેન્ટમાં જોડાયેલ યુવાઓને સામાજીક જાગૃતિ લાવવા માટે પોતાની જાતથી શરૂઆત કરવી પડશે, ઈવેન્ટ યોજવાથી ફાયદો ત્યારે જ થશે જયારે દરેક યુવાન માનસિકતા બદલે, નિયમપાલનની પોતાનાથી શરૂઆત કરે તેમ જણાવ્યુ હતુ. યુવાઓએ તેમના આયોજનમાં વિકાસલક્ષી કાર્યો છેવાડા સુધી પહોંચે તથા સ્ત્રીઓ સામે થતી હિંસા બંધ થાય તે માટે તાલુકા લેવલનું સંગઠન બનાવવાનું નકકી કર્યુ હતુ.


***પ્રારબ્ધ અને પુરૂષાર્થમાંથી પુરૂષાર્થ મહત્વનો***

## અશોકભાઈ

શ્રી અશોકભાઈ આહિર ૧૯૯૭ થી અમરેલીના જલારામનગર વિસ્તારમાં રહે છે. સુધરાઈ વિતરીત પાણી શરીરને માફક ન આવતા ભુર્ગભ જળનો ઉપયોગ કરતા. બહારગામ જવાનું થાય ત્યારે પાણીના હીસાબે રાતવાસો કે લાબી મુસાફરી કરી શકતા નહી તેમજ બીસલેરી કે અન્ય પાણીના પાઉચ કે મીનરલ વોટરનો ઉપયોગ કરતા પણ મુશ્કેલી અનુભવાતી. પાણીના હિસાબે પેટની તકલીફ સાઈનસ, કાનમાં ખંજોળ આવવી, શરદી જોર કરી જતી આવુ બધુ થયા કરતું.

શાળાના બાળકોને આરોગ્યપ્રદ પાણી મળી રહે તે હેતુથી શિક્ષણ અને સમાજ કલ્યાણ દ્વારા અમરેલીની કલીન પાર્ટનર શાળાઓમાં જલતારા ફીલ્ટર પ્લાન્ટ ઈન્સ્ટોલ થયા. જલારામનગરમાં આવેલ શ્રી બંસીધર વિદ્યાલયના બાળકોને શુધ્ધ પીવાનુ પાણી મળ્યુ પરંતુ જેના સ્વાસ્થને મોટો ફાયદો થયો છે તે શ્રી અશોકભાઈના શબ્દોમાં કહીએ તો આ વ્યવસ્થા થતા મારી સમગ્ર તકલીફોનો અંત આવેલ છે અને મને તો એમ થાય છે કે મને ગોળનું ગાડું મળી ગયું.

શાળાના આચાર્યની મુલાકાત દરમ્યાન તેમણે જણાવ્યુ કે ૧૯૯૪ થી શાળાના બાળકો દારનું પાણી ઉપયોગમા લેતા. ફીલ્ટર પ્લાન્ટ બેસાડયા બાદ છ માસ પછી નિયમાનુસાર જાળવણી માટે પ્લાન્ટની નેટ સાફ કરતા ત્રણ તગારા જેટલો ક્ષાર નીકળ્યો જે સુકાતા પથ્થરના ભુકા જેવા આ પદાર્થથી અગાઉ શાળાના બાળકોને અને આ પાણી પીનારને કેટલું નુકશાન થયું હશે તેનો અંદાજ આવી શકે. આજે આ વ્યવસ્થા આર્શિવાદ સમાન બની છે.




શાળામાં રજા કે વેકશન હોય તો અશોકભાઈ ને અગાઉથી ચિંતા થવા લાગે અને આચાર્ય પાસેથી પાણી માટે વ્યવસ્થા કરી લે છે. પાણી, વાણી, વિચાર શુધ્ધ હોયતો સમાજની શારીરીક અને માનસીક તંદુરસ્તી જાળવી શકાય. અશોકભાઈ પાસે આરઓ, એકવાગાર્ડ ની વાત થઈ ત્યારે તે કહે છે કે ૨૫૦૦૦ સુધીનો પ્લાન્ટ ફીટ કરવા તૈયાર છુ. પરંતુ પાણીના મુળભુત ગુણો સચવાઈ રહે તે જરૂરી છે.

**સ્ત્રી જગતને બદલી શકવાની શકિત ધરાવે છે.**

## તાલીમ

૧૭-૧૮ જાન્યુ ૨૦૦૯ના રોજ હરિરાજ સંકુલમા પેપર રીસાયકલ તાલીમ યોજવામા આવી. શાળામાં અભ્યાસ કરતાં ૧૧ વિદ્યાર્થીઓ તાલીમમાં જોડાયા.

મૈત્રીભાવનું પવિત્ર ઝરણું એ રચનાને બુંલદ અવાજે ગાઈને તાલીમ શરૂ કરી.

તાલીમાર્થીઓનો પરિચય પોતાની ખાસિયત સાથે દરેકે વર્ણવ્યો. દરેક તાલીમાર્થીઓની શીખવાની અપેક્ષાઓ જાણવામાં આવી. જેમાં સ્વચ્છતા, રીયુઝ/રીસાયકલથી થતા લાભાલાભ, યોગ, કારર્કિદી અને નવી ટેકનોલોજી વિષે જાણકારી મેળવવાની અપેક્ષાઓ નીકળી આવી.



ધીરૂભાઈ વાગડીયાએ આ તાલીમના કોર્સને ધ્યાનમાં રાખી અપેક્ષિત બાબતોને વણી લેવાશે તેમ જણાવી તાલીમનો હેતુ સ્પષ્ટ કર્યો. તાલીમાર્થીઓએ તા. ૧૭ ના રોજ પલાળેલ વેસ્ટ પેપર હાયડ્રાયલ્પરમાં નાખી મિશ્રણ તૈયાર થાય તે માટે હાયડ્રાયલ્પર ચાલુ કરી રીસાયકલની બાબતોને પધ્ધતિસર સમજવા માટે ભરતભાઈ વાળા સાથે સેશનમાં બેઠા જેના આધારે જુથ કાર્ય કરવામાં આવ્યું. જુથકાર્યની કુશળતા પર ચર્ચા ચલાવવી, નોંધણી, કોણ ચર્ચામાં ભાગ લે છે વિગેરે બાબતોને ધ્યાનમા લેવાઈ.

આ જુથ કાર્યમાં વપરાયેલી ચીજોનો ફરી ઉપયોગ જેમ છે તેવી સ્થિતિમાં તથા તે સ્થિતિમાં ફરી ઉપયોગ ન થઈ શકે તો તેને રીસાયકલ કરીને ફરી ઉપયોગ કરવાથી ફાયદાઓ નીકળી આવ્યા. જે નીચે મુજબ હતા.

૧) ફરી ઉપયોગ ન કરીએ તો તે એક પ્રકારનો કચરો બને જેના નિકાલની વ્યવસ્થા કરવી પડે.

૨) ફરી ઉપયોગ થાય તો તે વસ્તુ પર થતાં ખર્ચને બચાવી શકાય.

૩) નવી ખરીદવાથી તેને બનાવવા પાછળનો ખર્ચ તથા વસ્તુ જેમાંથી બને છે તે કુદરતી સંસાધનોને આપણે ઓછા કરીએ છીએ.

૪) રીસાયકલ પેપર વાપરવાથી વૃક્ષો બચે છે.

૫) રીસાયકલ કરેલ કાગળ બનાવવામાં થનાર ખર્ચ કે કાગળની ગુણવતાને ધ્યાનમાં લેતાં તેની સરખામણીએ કુદરતી સંપતિને વધુ નુકશાન થાય.

તાલીમાર્થીઓએ તૈયાર મિશ્રણમાંથી યુનિટના સાધનોનો ઉપયોગ કરી કાગળ તૈયાર કર્યા અને તેના ઉપયોગ અંગે આયોજન કર્યુ આ રીતે કાગળ ઘેર પણ બનાવી શકાય છે તે બાબત પણ ચકાસી, તાલીમ પુર્ણ કરવામા આવી.

**સુખની અનુભુતી કરવાં માટે દુઃખમાંથી પસાર થવું પડે.**

## એન.એસ.એસ. શિબીર

જનતા વિદ્યાલય-સરંભડા દ્વારા ધો-૧૧ના વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓની રાષ્ટ્રિય સેવા યોજના અંતર્ગત યોજાયેલ મોટા ગોખરવાળા શિબિરમાં તા.૧૯/૧/૦૯ના રોજ આ સંસ્થાની ટીમ દ્વારા આ શિબિરાર્થીઓ સાથે જેન્ડર અને વિકાસના મુદ્દે એક ગોષ્ઠી યોજવામાં આવી હતી. રંજનબેન રાદડીયા, વીજયાબેન કુકવાવ તથા ધીરૂભાઈ વાગડીયાએ મળીને જેન્ડર અને વિકાસની બાબતો પર સમજ આપી. ભૃણ હત્યા, સ્ત્રી હિંસા અને સ્ત્રી-પુરુષ ભેદભાવ અંગે એક સ્લાઈડ શો થી આ ગોષ્ઠીનો પ્રારંભ કરવામા આવ્યો હતો.



જુથ ચર્ચાથી થોડી સ્પષ્ટતા થયા બાદ જાતિ અને સામાજીક લીંગભેદને વ્યાખ્યાયિત કરવા પ્રયાસ કર્યો. કબજો અને કાબુ પર પણ ખુબ રસપ્રદ ચર્ચા થઈ. આમ, જેન્ડર બજેટીંગની બાબતો સાથે વિકાસમા જેન્ડરના મહત્વને સમજવા કવાયત થઈ. જેન્ડર શિબિરના સંચાલક શ્રી કમલેશભાઈ તથા સ્થાનિક શાળાના આચાર્ય શ્રી દુષ્યંતભાઈ મહેતા તથા ગામના આગેવાનો પણ આ વાર્તાલાપમાં જોડાયા હતા.

વિદ્યાથીઓએ આ રીતે પ્રથમવાર પધ્ધતિસર જેન્ડર બાબતે ખ્યાલ મેળવ્યો તેમ તેમના પ્રતિભાવમાં જણાવ્યુ હતુ.

### ભાવી અર્થરચના પર ગાંધીજીની ધારણાઓ

૧) અમર્યાદિત જરૂરિયાતો, ઈચ્છાઓ કરતા સ્વૈચ્છાએ કાપ મુકેલ જરૂરિયાતો કે ઈચ્છાઓ એ પ્રગતિનુ સુચક છે.

૨) દરેક સામાન્ય વ્યકિત હંમેશા મહતમ રીતે નફો મેળવવા જ તત્પર નથી હોતી, પરંતુ તે તો એટલું ઈચ્છે છે કે તેની મહેનતના બદલામાં કટોકટીના સમયમાં કામ લાગે તે માટે થોડી બચત રહે.

૩) હરીફાઈ કરતાં સહકારએ જીવનનો વધુ સારો સિધ્ધાંત છે.

૪) શ્રમ તરફ હંમેશાં ધૃણાથી જોવું યોગ્ય નથી.

૫) દરેક વ્યકિતમાં વિકાસ માટેની સુષુપ્ત શકિતઓ પડેલી જ હોય છે. અને દરેકને તેનો જીવન નિર્વાહ થઈ શકે તેટલાં સાધનો તો આપવાં જ જોઈએ.

૬) રાજય પરનો વધુ પડતો આધાર ઘાતક.

**આદર્શ આપણાંથી શરૂ થાય છે.**

## હવે ડર નથી

મને કોઈનો ડર નથી એવો હાશકારો અનુભવતી કોઈપણ વ્યકિતનો સંપર્ક થાય ત્યારે સમજી શકાય કે આપણુ સ્વૈચ્છિક કાર્ય આપણા કાર્ય વિસ્તાર માટે સાર્થક થયુ. માણસને આજે અનેક પ્રકારના ભય, ડર, અસલામતિ વિગેરે સતાવી રહયા છે. આપણે સક્ષમતા Empowerment ની વાતો કરીએ પણ કયાં છે આ સક્ષમતા ? ગરીબ વર્ગ, મહિલાઓમાં આ સક્ષમતા આવે તેવી પ્રક્રિયાઓ ચાલી રહી છે. શકિતશાળી પરિબળો આ વર્ગને સતત દબાવે છે. તેમાંથી તેઓને મુકત કરવા કાર્ય સંભાળી રહેલા મિત્રોએ પહેલા પોતે ભયમુકત બનવું જોઈશે. વિકાસની મૂખ્ય ધારામાં શોષિત વર્ગને (ખાસ કરીને મહિલાઓને) સામેલ કરવામાં નહી આવે તો કયારેય આપણે વિકાસ સાધી શકીશુ નહી. આ વર્ગને વિકાસની મુખ્ય ધારામાં લાવવા માટે તેને ભય મુકત વાતાવરણ મળવુ ખૂબ જ જરૂરી છે. શારિરીક, માનસિક અને આર્થિક બાબતે ક્ષમતા ઉભી થાય તે માટેના કાર્યક્રમો વધુ અસરકારક રીતે યોજવા અને સંસાધનોની માલિકી ધરાવતા વર્ગ પર તેઓએ આધારિત ન રહેવુ પડે તેની યોગ્ય વ્યવસ્થા થાય તો આ વર્ગની દરેક વ્યકિત અનુભવી શકે કે હવે મને કોઈનો ડર નથી.

**(આજથી દસ વર્ષ પહેલાના ટપક અંક જાન્યુઆરી ૧૯૯૯ના અંકમાં પ્રસિધ્ધ થયેલ આ નોંધ આજે આ દસ વર્ષના ગાળામાં થયેલ કાર્યો અને ડર અંગેની સમીક્ષા કરવામા કાર્યકરોને ઉપયોગી થઈ શકશે.)**

Printed, published and edited by Hardik Dhirajlal Vagadia on behalf of Educational & Social Welfare Centre, Published from Tapak Karyalay, 26-Omnagar-3, Hanumanpara Road, Amreli and printed at Geeta Graphics, F-1 Sahjanand market, Station road, Amreli.

Post Reg. No. L2/41/G-AMI-91/2008 Book -Post,Printed Matter RNI No.GUJGUJ/199152
Valid Upto 31/12/2011 Date Of Issue 1st of month

SskK
ટપક કાર્યાલય :
શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર,
૨૬,ઓમનગર(૩), હનુમાનપરા રોડ,
ગોકુલ પાર્ક સામે, અમરેલી–૩૬૫ ૬૦૧.
Tel/Fax : 02792-223525
E-mail : tapak@sskkamreli.org website: www.sskkamreli.org

*હરેક પળને આંનદથી માણી લેવા હંમેશા તત્પર રહો.*